એક જ વર્ષમાં ડબલની લાલચ આપનાર વિજલપોરની સોનલ ભક્તા ખેલાડી નીકળી

એકના ડબલના નામે 42.85 લાખની ઠગાઈ

'સહીવાળી ચેકબુક'થી કથિત નાણાકીય જાળ, ફરિયાદીના ખાતામાં પૈસા લઈ અન્ય ખાતામાં ટ્રાન્સફર કર્યાનો આક્ષેપ

'વિહાન ડેરી ફાર્મ' અને 'શ્રીજી એસોસિએશન'નાં ખાતાં મારફતે થયેલા વ્યવહારો પોલીસ તપાસમાં

નવસારીઃ VNS Coinમાં રોકાણના નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો મામલો નવસારીમાં સામે આવ્યો છે. નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે સોનલબેન છોટેલાલ ભક્તા, વિક્રમસિંહ રંજનસિંહ અને જિતુભાઈ ઉર્ફે જાલમસિંહ રાજપૂરોહિત સામે BNSની કલમ ૩૧૬(૪), ૩૧૮(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધાયો છે.

વિશાલ રણજીતભાઈ રાવ (ઉં.વ.૪૫, વેપારી, રહે., પ્રતીક્ષા સોસાયટી, નવસારી)એ કરેલી ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૫ દરમિયાન આકર્ષક અને ઊંચા વળતરની લાલચ આપી ફરિયાદી પાસેથી કુલ ૨૪.૮૫ લાખનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. એટલું જ નહીં, ફરિયાદીના મિત્રો પાસેથી પણ આશરે ૧૮ લાખનું રોકાણ કરાવ્યાનો આક્ષેપ છે. આમ કુલ ૪૨.૮૫ લાખની રકમ રોકાણના નામે લેવાઈ હોવા છતાં પરત ન મળ્યાનો દાવો ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આરોપીઓએ પેઢીના સંપૂર્ણ નામને બદલે માત્ર 'VNS Coin' નામનો ઉપયોગ કરી ફરિયાદીનો આ સંસ્થા સાથે સંબંધ હોવાની ગેરસમજ ઊભી કરી હતી. આ ઓળખ અને વિશ્વાસના આધારે અન્ય લોકોને પણ આકર્ષક નાણાકીય યોજનાઓમાં રોકાણ કરવા પ્રેરિત કરાયાનો આક્ષેપ છે.

આ કેસનો સૌથી ગંભીર અને તપાસ માગતો મુદ્દો બેંક ખાતાં તથા સહી કરેલી ચેકબુકને લઈને છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, જિતુભાઈ ઉર્ફે જાલમસિંહ રાજપૂરોહિત મેનેજર તરીકે કામગીરી કરતો હતો. આરોપ છે કે અન્ય VNS Coin પેઢી સાથે સંબંધિત રકમ પહેલાં તેના પોતાના ખાતામાં જમા કરવામાં આવતી અને ત્યારબાદ ફરિયાદી તથા તેની પેઢીઓ વિહાન ડેરી ફાર્મ અને શ્રીજી એસોસિએશનના ICICI બેંક ખાતાં મારફતે વ્યવહારો કરવામાં આવતા હતા. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે ફરિયાદીની સહી કરેલી ચેકબુક આરોપી પાસે હતી.

આ ચેકબુકનો ઉપયોગ કરીને ફરિયાદી તથા તેની પેઢીઓના ખાતાંમાંથી VNS Coin સાથે સંબંધિત પરંતુ ફરિયાદીની પેઢીઓને સંબંધિત ન હોવાનું કહેવાતું નાણું અન્ય વ્યક્તિઓના ખાતાંમાં ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું.

ઠગાઇનો ભોગ બનનારા

વિશાલભાઈ રાવ સાથે રૂ.૨૪.૮૫ લાખની ઠગાઇ
પંકજકુમાર આહીરના રૂ.૧૦ લાખ પડાવી લેવાયા
અંકિત રાજપૂત સાથે ૮ લાખની છેતરપિંડી

આ મોડેસ ઓપરેન્ડીથી ઠગાઇ

VNS Coinના નામે વિશ્વાસ
ઊંચા વળતરની લાલચ
ફરિયાદી અને તેના મિત્રો પાસેથી રોકાણ
બેંક ખાતાંમાં રકમની હેરફેર
સહી કરેલી ચેકબુકનો કથિત ઉપયોગ
અન્ય ખાતાંમાં રકમ ટ્રાન્સફર
રોકાણકારોને રકમ પરત ન મળવી.

આરોપીઓના નામ સરનામા

(1) સોનલબેન છોટેલાલ ભક્તા (રહે., અશોકવન સોસાયટી, પેટ્રોલ પંપની નજીક, વિજલપોર, નવસારી)
(2) વિક્રમસિંહ રંજનસિંહ (રહે., ડુમરી, પો.સ્ટે. બેરો, શિવમંદિર નજીક, નાહેલુકા પરિયા, રાંચી, ઝારખંડ)
(3) જિતુભાઈ ઉર્ફે જાલમસિંહ રાજપૂરોહિત (રહે., સાદકપોર, ચીખલી, નવસારી)

GIDCની મિલકતો સંબંધિત સ્ટેમ્પ ડ્યુટી, દંડમાં ૮૦ ટકા માફી

વાપી વીઆઈએ સહિત ઉદ્યોગોના સંગઠનોની ઘણાં સમયની માંગને સરકારે સ્વીકારી ઉદ્યોગોને રાહત આપતો નિર્ણય કર્યો

વાપીઃ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા ફાળવવામાં આવેલી મિલકતો સંબંધિત જૂના વ્યવહારો પર વસૂલવામાં આવતી ખાદ્ય સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા સુધીનો ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મહત્ત્વપૂર્ણ આદેશની જાહેરાત કરવામાં આવી હતી. વાપીના વીઆઈએ સહિત ઉદ્યોગોના સંગઠનોની ઘણાં સમયની માંગને રાજ્ય સરકારે સ્વીકારીને જીઆઈડીસીમાં ખાદ્ય સ્ટેમ્પ ડ્યુટીમાં મોટી રાહત આપના નિર્ણયને આવકારીને વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનો ઉદ્યોગો વતી આભાર વ્યક્ત કર્યો હતો.

આ યોજનાનો લાભ ૩૦ જૂન, ૨૦૨૫ કે તે પહેલાં અમલમાં મૂકાયેલા તમામ પાત્ર દસ્તાવેજો, ફાળવણી પત્રો, લીઝ, સબ-લીઝ અને શેરના ક્રમિક ટ્રાન્સફર સંબંધિત કિસ્સાઓમાં જ મળશે, જ્યારે ૩૦ જૂન, ૨૦૨૫ પછીના દસ્તાવેજો પર કોઈ લાભ મળશે નહીં.

આ માફી યોજનાનો લાભ મેળવવા માટે માત્ર માન્ય 'ઉદ્યમ નોંધણી પ્રમાણપત્ર' ધરાવતા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) જ પાત્ર રહેશે. યોજના હેઠળ બજાર મૂલ્ય અથવા વેચાણ કિંમત, બેમાંથી જે વધારે હોય તેના આધારે ગણવામાં આવતી સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકાની કપાત મળશે, જ્યારે બાકીની ૨૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી અને ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૯(૧)(b) મુજબનો દંડ ભરવાનો રહેશે. જો ૨૦ ટકા ડ્યુટી અને દંડની કુલ રકમ મૂળ ડ્યુટી કરતાં વધી જાય, તો બેમાંથી જે વધારે રકમ હોય તે અરજદારે ચૂકવવાની રહેશે. મિલકત ટ્રાન્સફર સંબંધિત દસ્તાવેજોની રજિસ્ટ્રેશન પ્રક્રિયા ફરજિયાત રહેશે અને આ તમામ બાકી રકમ હાલના મિલકત ધારક પાસેથી વસૂલવામાં આવશે.

ખેરગામમાં તસ્કરોએ બે શાળા, કોમ્પ્યુટર સેન્ટરને નિશાન બનાવ્યાં

એક જ રાત્રે ચોરીના પ્રયાસની ઘટનાને લઈ લોકોમાં ચિંતાનો માહોલ

ખેરગામઃ ખેરગામ વિસ્તારમાં ગત રાત્રે અજાણ્યા શખ્સોએ એક જ રાત્રિ દરમિયાન ચાર જેટલી જગ્યાએ તાળા તોડી ચોરીનો પ્રયાસ કરતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખેરગામના વલસાડ રોડ ઉપર આવેલી મિતેશભાઈની કોમ્પ્યુટર સેન્ટર અને રિપેરિંગની દુકાનને નિશાન બનાવવામાં આવી હતી. અહીં ચોરીના પ્રયાસ દરમિયાન તસ્કરોએ સીસીટીવી કેમેરાને નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત, નજીકમાં આવેલી એક કરિયાણાની દુકાનના તાળા પણ તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અજાણ્યા શખ્સોએ વલસાડ રોડ ઉપર આવેલી જનતા માધ્યમિક શાળાને પણ નિશાન બનાવી હતી. શાળાના કાર્યાલયના તાળા તોડી અંદર પ્રવેશ્યા બાદ તસ્કરોએ કબાટો ખોલી તેમાં રાખેલા મહત્ત્વના દસ્તાવેજો અને અન્ય સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો. જોકે, શાળામાંથી કોઈ કિંમતી વસ્તુ કે રોકડ રકમની ચોરી થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું નથી. આ ઉપરાંત, જનતા માધ્યમિક શાળાથી આગળ આવેલી જ્ઞાનધામ વિદ્યાલયમાં પણ આચાર્યની ઓફિસના તાળા તોડી અંદર પ્રવેશવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યાંથી પણ કોઈ વસ્તુ ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું નથી. એક જ રાત્રે ખેરગામ વિસ્તારમાં ચાર અલગ અલગ સ્થળોએ તાળા તોડીને ચોરીના પ્રયાસોની ઘટનાઓ બનતા સ્થાનિક વેપારીઓ તેમજ લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ પોલીસ દ્વારા રાત્રિના સમયે સઘન પેટ્રોલિંગ વધારી આવા તસ્કરોને ઝડપી પાડવામાં આવે તેવી માંગ કરી છે. જનતા માધ્યમિક શાળાના આચાર્ય ચેતનભાઈ પટેલ દ્વારા આ બનાવ અંગે ખેરગામ પોલીસ મથકે અરજી આપવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

16મા નાણાપંચની ગાઈડલાઈનમાં જરૂરી ફેરફાર કરવા માંગ કરાઈ

ઉમરગામ તાલુકાના સરપંચોની મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત

ઉમરગામઃ સરપંચ સંઘ ઉમરગામ તાલુકાના પ્રમુખ રાકેશભાઈ વઘાત અને મોટી સંખ્યામાં ઉપસ્થિત સરપંચોએ ઉમરગામ તાલુકાના મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારીને એક આવેદન પત્ર આપી એવી રજૂઆત કરી છે કે વિકાસલક્ષી કામો ગ્રામજનોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. 16મા નાણાપંચની ગાઈડલાઈન પ્રમાણે વિકાસના કામોમાં પાણી બોર મોટર જાહેર શૌચાલય અનટાઈત ગ્રાન્ટ હેઠળ રીપેરીંગને લગતા કામો વગેરે ન લઈ શકીએ એવા સંજોગોમાં 15 માં નાણાપંચમાં જે ગાઈડલાઈન હતી તે ગાઈડલાઈન 16મા નાણાપંચમાં અમલમાં મુકવામાં માંગણી છે.

નાનાપોંઢા તાલુકામાં સ્વતંત્ર મહેકમ બનાવો

વલસાડઃ કપરાડામાંથી છૂટો પાડી નવા બનાવવામાં આવેલા નાનાપોંઢા તાલુકામાં સ્વતંત્ર મહેકમ બનાવવામાં આવે તથા શિક્ષકોના વધઘટ કેમ્પ કરવા નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીને આવેદનપત્ર પાઠવાયું હતું. શિક્ષક સંઘના પ્રમુખ મિતેષ પટેલની અધ્યક્ષતામાં બનેલા પ્રતિનિધિ મંડળે કરેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, નવા બનેલા નાનાપોંઢા તાલુકામાં કપરાડા, વાપી, પારડી તાલુકાઓના પણ કેટલાક ગામોનો સમાવેશ કરાયો છે. જોકે હજુ સુધી શિક્ષકોના વધઘટ કેમ્પ કરવામાં આવ્યાં નથી, જે કરવામાં આવે. નાનાપોંઢા તાલુકાની તમામ શાળાઓમાં ચોક્કસ વિદ્યાર્થી સંખ્યા ચકાસી તેનું એક સ્વતંત્ર મહેકમ તૈયાર કરવામાં આવે, શાળાઓ માટે જ વધઘટ કેમ્પ તેમજ બદલી કેમ્પ કરવામાં આવે.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડના પંચલાઈ પાસે લક્ઝરી બસમાંથી 1.63 લાખ મત્તાની ચોરી

વલસાડઃ વલસાડના પંચલાઈ ગામ નજીક નેશનલ હાઈવે નંબર 48 પર આવેલી પુરોહિત હોટેલના પાર્કિંગમાં મુસાફરોની બેગમાંથી રોકડ અને દાગીના સહિત કુલ રૂ.1.63 લાખ મત્તાની ચોરી થવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ, ફરિયાદી શ્રવણકુમાર તેમના પત્ની અને બાળક સાથે રાજસ્થાનના પાદરુથી એફ.ડી.એમ. મહાદેવ નામની લક્ઝરી બસ (નં. AR 11 D 0494) મારફતે હૈદરાબાદ જવા નીકળ્યા હતા. 2 સપ્ટેમ્બરે સવારે બસ પુરોહિત હોટેલ ખાતે ચા-નાસ્તો કરવા માટે રોકાઈ હતી. તેઓ નાસ્તો કરીને પરત ફરતાં બેગમાં રાખેલા રોકડા રૂ.18,000 તેમજ દોઢ તોલાનું સોનાનું મંગળસૂત્ર (કિંમત રૂ.80,000), 500 ગ્રામનો ચાંદીનો કંદોરો (કિંમત રૂ.50,000) અને બાળકની પગની ચાંદીની તોડી (કિંમત રૂ.15,000) મળી કુલ રૂ.1,63,000ની મત્તા ગાયબ હતી. હોટલના સીસીટીવી તપાસતા બે અજાણ્યા બસમાંથી ઉતરતા દેખાયા હતા. આ આધારે ડુંગરી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પારડીમાં બાકી વેરા વસૂલાતની કડક ઉઘરાણી, 4 મિલકત સીલ

પારડીઃ પારડી નગરપાલિકાના ચીફ ઓફિસરના માર્ગદર્શન હેઠળ વેરા વિભાગની ટીમ દ્વારા બાકી નીકળતા મિલકત વેરાની વસૂલાત માટે આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વેરા વિભાગની ટીમે કુલ 4 જેટલી મિલકતોને સીલ મારી દીધા છે. નગરપાલિકા દ્વારા રૂ.10,000થી વધુની રકમનો મિલકત વેરો બાકી હોય તેવી મિલકતો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત હાથ ધરાયેલી કામગીરી દરમિયાન ઇકબાલ ગોરીની દુકાન, અલકનંદા એપાર્ટમેન્ટ એફ.એમ. કન્ટ્રક્શન, ૨ ફ્લેટ, ગોડાઉન મળીને કુલ 4 મિલકત સીલ કરી દેવામાં આવી છે. નગરપાલિકાની આ કાર્યવાહીથી વેરો ન ભરતા બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે નગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જે નાગરિકોનો મિલકત વેરો બાકી છે તેઓએ આ ચાલુ મહિનાના અંત સુધીમાં જમા કરાવી દેવો. જો આ મહિનાના અંત સુધીમાં વેરો ભરવામાં નહીં આવે તો નિયમ મુજબ વ્યાજ ચઢાવવામાં આવશે. જેથી કોઈ પણ દંડ કે વ્યાજની રકમથી બચવા માટે તમામ મિલકતધારકોને વહેલી તકે પોતાનો બાકી વેરો ભરી જવા સૂચના આપવામાં આવી છે.

ઉમરગામમાં તમાકુ નિયંત્રણ ટાસ્કફોર્સનું સરપ્રાઈઝ ચેકિંગ : ૨૮ દુકાનદારને દંડ

ઉમરગામઃ સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વલસાડ કલેક્ટરની અધ્યક્ષતામાં રચાયેલી જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા ઉમરગામ તાલુકામાં તમાકુના બિનઅધિકૃત વેચાણ અને આનુસંગિક નિયમોના પાલન માટે સઘન અને આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ તેમજ ખોરાક અને ઔષધ નિયંત્રણ વિભાગની સ્ટીયરિંગ કમિટીએ માર્ગ પરના નાના-મોટા પાનના ગલ્લા અને પાર્લર સહિત કુલ ૨૮ દુકાનો પર સરપ્રાઈઝ ચેકિંગ કરી નિયમોનો ભંગ કરનાર દુકાનદારો પાસેથી કુલ રૂપિયા ૫૬૦૦નો દંડ વસૂલ કર્યો છે. શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુના વેચાણ પર રહેલા પ્રતિબંધ અંગે કડક અમલવારી કરવા જણાવ્યું હતું. આરોગ્ય વિષયક ચેતવણી વિના સિગારેટ કે અન્ય તમાકુની બનાવટોનું છૂટક વેચાણ ન કરવા બાબતે પણ તમામને તાકીદ કરવામાં આવી હતી.

જાહેર નોટીસ

આથી સર્વેને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે નીચે પરિશિષ્ટના મયાળા હેઠળ વર્ણવેલ જમીન મિલકત સવિતાબેન શનવારભાઈ માછી તે મોહનભાઈ માછીની પત્ની, તુલસીદાસ શનવારભાઈ માછી, નરોત્તમ શનવારભાઈ માછી, સુરેન્દ્ર શનવારભાઈ માછી, ભારતીબેન શનવારભાઈ માછી તે હથીમભાઈ માછીની પત્ની, નીમ્માંબેન શનવારભાઈ માછી તે લલુભાઈ માછીની પત્ની અને વનીતાબેન શનવારભાઈ માછી ના સંયુક્ત કબ્જા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે જે જમીન મિલકત હમોના અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી કોઈપણ વ્યક્તિ કે જેમને સદરહુ મિલકત અંગે કોઈપણ પ્રકારનો દાવો, હક, હિત, અથવા વાંધો હોય, પછી તે વેચાણ દ્વારા હોય કે ભેટ દ્વારા, ગીરો અથવા મોર્ગેજ દ્વારા હોય કે ભાડા અથવા લીઝ દ્વારા, લિયન અથવા હોદ્દો દ્વારા હોય કે જપ્તી અથવા અટેચમેન્ટ દ્વારા, સંપાદન દ્વારા હોય કે સર્વીટયુડ દ્વારા, અથવા રસ્તાનો હક દ્વારા, કબજો દ્વારા હોય કે વારસાગત હક દ્વારા, કે પછી કાનૂની વારસદાર તરીકેનો દાવો હોય અથવા અન્ય કોઈપણ રીતે કોઈપણ દાવો કે વાંધો સીધી કે આડકતરી રીતે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હોય, તો તેમણે આ નોટીસના પ્રકાશનની તારીખ એટલે કે આજથી સાત (૭) દિવસની અંદર, લેખિતમાં, તેમના દાવાના સમર્થનમાં યોગ્ય અને સહાયક દસ્તાવેજો સાથે, અમને જણાવવાનું રહેશે, જો ઉપરોક્ત સાત દિવસની નિયત મુદતમાં કોઈ દાવો કે વાંધો પ્રાપ્ત થશે નહીં અથવા કોઈ વ્યક્તિ પોતાનો દાવો યોગ્ય દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરશે નહીં, તો તે સમયે તમામ હક્ક દાવા હમારા અસીલની તરફેણમાં ત્યજી દીધેલ છે તેવું સ્વીકારી નિર્વિવાદ અને નિર્દિષ્ટ કાર્યરીતી અનુશરીને કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાશે જેની લાગતા વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

પરિશિષ્ટ

વેચાણ આપવાનું નક્કી કરેલ જમીનનું વિગતવાર વર્ણન.

મોજે ખતલવાડ, તા. ઉમરગામ, જી. વલસાડ ખાતે આવેલ ખેતીની જમીન કે જેનો જુનો સર્વે નં.૪૭૨/પૈકી ૩ અને નવો સર્વે નં.૫૬૫ ક્ષેત્રફળ.૪૦૬૦.૦૦ ચો.મી ખાતા નં.૧૮૧૯ વાળી રસ્તાના વપરાશના હક્કો, રાઈટ ઓફ ઇઝમેન્ટ સહિતના લગતા વળગતા તમામ હક્કો તથા સુખાધીકારો સહિતની જમીન મિલકત.

તા.૩૦.૦૮.૨૦૨૬

ધારા એચ. ગાંધી.
તે મિલકત ખરીદનારના એડવોકેટ.
ઓફીસ નં.૮અ-૯ અને ૯અ, પહેલો માળ વલ્લભ હાઈટસ, ઉમરગામ સ્ટેસન મુખ્ય જાહેર રોડ ઉમરગામ.૩૯૬૧૭૦

TORRENT POWER | DNHDD

Dadra and Nagar Haveli and Daman and Diu Power Distribution Corporation Limited.
(A subsidiary of Torrent Power Limited)

Walk in with confidence, Walk out with an opportunity

WALK-IN-INTERVIEW:
- **Date: 13-09-2026 (Sunday)**
- **Venue: Vidyut Bhavan, SILVASSA, DNH**
- **Time: 10:00 AM to 04:00 PM**

Departments	Designations	Qualifications	Experience
Distribution/Customer Service/Technical Services	Executive	B.E./B.Tech. – Electrical	2 to 8 Years
	Junior Executive	Diploma – Electrical	

Eligibility:
A. Individual who has cleared 10th, 12th with first class and in the first attempt.
B. B.E./B. Tech/Diploma with first class, with no academic gap **(maximum 3 backlogs/ATKTs)**

PLEASE NOTE:
Candidates are requested to bring a copy of their updated CV, original certificate of all semesters with degree/diploma certificate & salary slip and other relevant documents at the time of interview.

Contact (Recruitment Team):
If you are unable to attend the interview on the scheduled date, you may send your CVs to following email address with subject as **"CV for Executive Distribution"**,
Email address: vacancydnhdd@Torrentpower.com
DNHDD Power Distribution Corporation Limited
Address: 1st & 2nd Floor, Vidyut Bhavan, Beside GNLU, 66 KV Road, Amli, Silvassa – 396230, DNH, India

Smt. Sandraben Shroff Gnyan Dham School
(Affiliated to CBSE, New Delhi, CBSE Affiliation No. 430014)
G.I.D.C., Vapi 396195. District-Valsad. Gujarat. | www.srsgnyandham.org
Tel.: +91 260 2991947, 9909995853 | Email: info@srsgnyandham.org